**તા.૩૦/૦૩/૨૦૨૧**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૩૦/૦૩/૨૦૨૧ ને મંગળવારનાં રોજ બપોરનાં ૦૩=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં નિયત તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન અશોકભાઇ પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી ગોવિંદભાઇ રણછોડભાઇ તળપદા | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નિરલબેન પ્રકાશભાઇ તળપદા | સભ્યશ્રી |
| (૪) | શ્રીમતિ દર્શનાબેન વિકેશભાઇ પટેલ | ” |
| (૫) | શ્રી નિલેશભાઇ શંકરભાઇ વાલ્મીક | ” |
| (૬) | શ્રીમતિ મનિષાબેન મુકેશભાઇ ચૌહાણ | ” |
| (૭) | શ્રીમતિ મિનાક્ષીબેન મનોજકુમાર રાઠોડ | ” |
| (૮) | શ્રી પ્રવિણભાઇ ક્રિષ્નાભાઇ પરમાર | ” |
| (૯) | શ્રી રમેશભાઇ રાવજીભાઇ પરમાર | ” |
| (૧૦) | શ્રી ગીતાબેન જયંતિભાઇ પરમાર | ” |
| (૧૧) | શ્રી ભાવિન મહેન્દ્રભાઇ પટેલ | ” |
| (૧૨) | શ્રી જય ભરતભાઇ પટેલ | ” |
| (૧૩) | શ્રીમતિ અનીશાબાનુ મુખત્યારખાન પઠાણ | ” |
| (૧૪) | શ્રીમતિ શાહબાનુ ઈરફાનોદીન કાજી | ” |
| (૧૫) | શ્રી રીફાકતખાન મુખત્યારખાન પઠાણ | ” |
| (૧૬) | શ્રીમતિ દિપાલીબેન હિતેશભાઇ શાહ | ” |
| (૧૭) | શ્રી કેતનકુમાર ચંદ્રકાંતભાઇ ગાંધી | ” |
| (૧૮) | શ્રી જીજ્ઞેશકુમાર અનિરુધ્ધપ્રસાદ જોશી | ” |
| (૧૯) | શ્રીમતિ કાજલ કાશકુમાર પટેલ | ” |
| (૨૦) | શ્રીમતિ ધરતીબેન જીજ્ઞેશકુમાર પટેલ | ” |
| (૨૧) | શ્રી સુનિલકુમાર શંકરભાઇ પટેલ | ” |
| (૨૨) | શ્રી અશ્વિનકુમાર રમણભાઇ કાછીઆ | ” |
| (૨૩) | શ્રીમતિ ભૌમીબેન પ્રતુલકુમાર કાછીઆ | ” |
| (૨૪) | શ્રીમતિ વિશાલબેન શૈલેશકુમાર સોની | ” |
| (૨૫) | શ્રી સાજીદભાઇ મહેબુબભાઇ વહોરા | ” |
| (૨૬) | શ્રી ગુલામદસ્તગીર નુરમહંમદ વ્હોરા | ” |
| (૨૭) | શ્રીમતિ રૂકસાર અબરારબેગ મીરઝા | ” |
| (૨૮) | શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ મુફીસોદીન કાજી | ” |
| (૨૯) | શ્રી મુન્તજીમોદીન નજીરોદીન કાજી | ” |
| (૩૦) | શ્રીમતિ દક્ષાબેન મણીભાઇ મકવાણા | ” |
| (૩૧) | શ્રીમતિ કોકીલાબેન અશોકભાઇ તળપદા | ” |
| (૩૨) | શ્રી ભાવેશભાઇ કાંતિભાઇ તળપદા | ” |
| (૩૩) | શ્રી અસ્લમબેગ અનવરબેગ મીરઝા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ રા.અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામની યાદી વંચાણમાં લીધી.

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રીમતિ જલ્પાબેન ભાવેશકુમાર શાહ, શ્રી આરીફખાન ઝમીરખાન પઠાણ તથા શ્રીમતિ નીદાબાનુ વસીમબેગ મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનું જરૂરી વિષય તરીકેનું કામ વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યું.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૩ / તા.૩૦/૦૩/૨૧**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૦૧/૧૨/૨૦૨૦ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લીધાં તુલ્ય સમજી તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત બાબતે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ તથા શ્રી રીફાકતખાન એમ. પઠાણ એ ગત સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેવા રજૂઆત કરી. જે પરત્વે ચર્ચા કરવામાં આવી, ચર્ચાનાં અંતે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રી રીફાકતખાન એમ. પઠાણ તથા અન્ય ૧૦ (દસ) સભ્યશ્રીઓ દ્વારા મૌખિક વિરોધ નોધાવ્યો. પરંતુ લેખિતમાં કોઇ સુધારો રજૂ કરવામાં આવેલ નથી.

આથી, આવેલ દરખાસ્ત મૌખિક વિરોધ નોંધાવેલ સભ્યશ્રીઓ સિવાય બાકી રહેલ ૨૧ (એકવીસ) સભ્યશ્રીઓ દ્વરા વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ.પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં ટેકાથી "પોઇન્ટ ઓફ ઓર્ડર" રજૂ કરે છે કે;

(૧) સને : ૨૦૨૧-૨૨ નું અંદાજપત્ર મુકાયેલ છે તેમાં કાયદેસરની ક્ષતિઓ દેખાય છે કે, જે કાયદામાં જોગવાઈઓ મુજબ ન હોવાથી

અમો આ તબક્કે સદર કામમાં (Point of Order)રજુ કરીએ છીએ.

આ તબક્કે રજૂ થયેલ "પોઇન્ટ ઓફ ઓર્ડર" ને "રૂલ્ડ આઉટ" કરવામાં આવે છે. તેવી જાહેરાત રા.અધ્યક્ષશ્રીએ કરી.

જેથી બેઠકની કાર્યવાહી હાથ ધરતાં,

**કામ નં. (૨) :** પેટલાદ નગરપાલિકાનાં આગામી હિસાબી નાણાંકીય વર્ષ સને ૨૦૨૧-૨૨ માટે અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) વંચાણમાં લઇ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૪ / તા.૩૦/૦૩/૨૧**

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશભાઇ શંકરભાઇ વાલ્મીક, શ્રી પ્રવિણભાઇ ક્રિષ્નાભાઇ. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં આગામી હિસાબી નાણાંકીય વર્ષ સને ૨૦૨૧-૨૨ માટે અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) વંચાણમાં લીધું. જેની વિગતો નીચે મુજબ છે.

<u>સને ૨૦૨૦-૨૧ નું સુધારેલ અંદાજપત્ર</u>

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૫,૬૭,૭૭,૩૩૭=૮૪. |
| આવક | : | રૂા. | ૧૭,૭૮,૨૮,૪૭૮=૫૫. |
| કુલ | : | રૂા. | ૨૩,૪૬,૦૫,૮૧૬=૩૯. |
| ખર્ચ | : | રૂા. | ૧૯,૧૬,૧૫,૨૧૪=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૪,૨૯,૯૦,૬૦૨=૩૯. |

<u>સને ૨૦૨૧-૨૨ નું અસલ અંદાજપત્ર</u>

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૪,૨૯,૯૦,૬૦૨=૩૯. |
| આવક | : | રૂા. | ૨૩,૦૬,૪૬,૭૮૪=૦૦. |
| કુલ | : | રૂા. | ૨૭,૩૬,૩૭,૩૮૬=૩૯. |
| ખર્ચ | : | રૂા. | ૨૬,૪૦,૪૭,૫૦૦=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૯૫,૮૯,૮૮૬=૩૯. |

આમ, ઉપરની વિગતો ધરાવતાં અંદાજપત્રમાં જણાવેલ આવક તથા ખર્ચનાં આંકડાઓ યથાવત સ્વરૂપે રાખી તેમાં ફેરફાર કે સુધારા વિના તેમજ મુસદ્દાની તમામ વિગતો મંજુર કરવા ઠરાવવામાં આવે છે. તથા તે

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા રા.પ્રમુખશ્રીને તથા મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજીનાં ટેકાથી સુધારા-૧ ના મુદ્દા નં.(૨) રજૂ કરે છે કે;

અમો નીચે સહીઓ કરનાર આ તબકકે બજેટમાં બતાવેલ ક્ષતિઓ (ભુલો) ઉપર સુધારો રજુ કરી જણાવીએ છીએ કે, રજુ થયેલ બજેટનાં પાન નં ૪ ઉપર આવકનાં વિભાગમાં રોડ રીફ્રેશીગ ગ્રાન્ટ વર્ષ : ૨૦૨૧ -૨૨ નાં અંદાજપત્રમાં બતાવેલ નથી. જયારે હાલમાં રોડનું રીફ્રેશીગ કામ ચાલુ છે. જે કઇ ગ્રાન્ટમાંથી સદરહુ જગ્યાઓ નાણાં વપરાયેલ છે. તે કોઇ જગ્યાએ બતાવેલ નથી. તેથી સદર બાબતે બજેટ ના મંજુર કરવા ઠરાવ કરવામાં આવે છે.

મ્યુનિ. સભ્ય શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રીમતિ નિરલબેન પી. તળપદા નાં ટેકાથી સુધારા-૧ ના મુદ્દા નં.(૩) રજૂ કરે છે કે;

અમો નીચે સહી કરનાર સદર બજેટના ખર્ચ વિભાગના પાન નંબર : (૩) ઉપર ઘનકચરા નિકાલ યોજના ખર્ચ તથા ઘર કચરા યોજના ખર્ચ એમ એક ક વસ્તુ બે (૨) વખત ખર્ચનાં વિભાગમાં થોડા ફેરફાર સાથે મુકેલ છે. અને સદર બજેટના ખર્ચના પાન નં. ૫ ઉપર સદર બાબત અંદાજપત્રમાં નીલ (Nil) બતાવવામાં આવે છે. જેથી એવું પ્રમાણિત થાય છે કે એક જ કામ માટે બે ખર્ચ અલાયદા બતાવવામાં આવે છે. જે ખરેખર કાયદાની વિરુધ્ધ બાબત હોઇ આ તબકકે રજુ થયેલ. બજેટ ના મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ નાં ટેકાથી સુધારા-૧ ના મુદ્દા નં.(૪) રજૂ કરે છે કે;

અમો નીચે સહી કરનાર આ તબકકે બજેટના આવક વિભાગના પાન નંબર : ૧ ઉપર જણાવેલ છે. થીયેટર ટેક્ષ બતાવવામાં આવેલ છે. પરંતુ જો પેટલાદમાં થીયેટરનું અસ્તિત્વ જ ન હોય તો આવકમાં સદરહું બાબત બતાવવાની જરૂરશ પડે નહી, પરંતુ બજેટને સરખુ કરવા આવી ના કામની હકીકતો ઉપજાવી બજેટમાં મુકવામાં આવેલ છે. જેથી પણ સદર બજેટમાં મુકાયેલી હકીકતો કાયદા વિરુધ્ધની હોઇ આ તબકકે સદરહું બજેટના મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ નાં ટેકાથી સુધારા-૧ ના મુદ્દા નં.(૫) રજૂ કરે છે કે;

અમો નીચે સહી કરનાર આ તબકકે બજેટમાં જણાવેલ આવક વિભાગમાં પાન નં. ૨ ઉપર ટાઉનહોલ ભાડુ, ટાઉનહોલ સફાઇ ચાર્જ તથા ટાઉનહોલ વળતર ચાર્જ જેવી હકીકત આવક વિભાગમાં જણાવેલ છે. પરંતુ ખરેખર હાલમાં ટાઉનહોલ અસ્તિત્વમાં ન હોવાથી જેને જમીન દોસ્ત કરી નાંખવામાં આવેલ છે. જેથી પણ સદરહું પકડેલ થનારો ખર્ચ ગેરકાયદેસર રીતે બતાવવામાં આવેલ છે. અને જે હકીકત ત્રણેય ઉપરની હકીકતો આવક વિભાગમાં ન આવી શકે પરંતુ તે ખર્ચ વિભાગમાં મૂકી શકાય જેથી પણ કાયદેસરને પડતું મુકી આવી ભુલો કરેલી છે. જે ફકત બજેટમાં બતાવવા ખાતર મુકેલ છે, જેથી પણ આ તબકકે સદર બજેટ ના મંજુર કરવા કરાવવામાં આવેલ છે.

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા નાં ટેકાથી સુધારા-૧ ના મુદ્દા નં.(૬) રજૂ કરે છે કે;

અમો નીચે સહી કરનાર સદર બાબતે આ તબકકે હાલના બજેટના આવક વિભાગના પાન નં. ૩ ઉપર બતાવેલ જુદી જુદી ગ્રાન્ટો જેનું ક્રમ પ્રમાણે દેખાડો કરવામાં આવેલ છે. જેની કોઇ પુરતી વિગત બજેટના કોઇપણ પાન ઉપર મુકવામાં આવેલ નથી. જેથી એવુ નકકી થાય છે કે કઇ ગ્રાન્ટ અને કેટલી રકમ કયા હેડ ઉપર કે કયા કામમાં વાપરવાની છે જેનો ખુલાસો હાલના તબકકે રજુ થયેલ બજેટમાં કરવામાં આવેલ નથી. જેથી આટલી મોટી ક્ષતિણ (ભુલ) જે બજેટમાં થયેલ હોય તે બજેટ મંજુર થઇ શકે નહી, જેથી આ તબકકે હાલનું બજેટ ના મંજુર કરવા ઠરાવવા માં આવે છે.

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા નાં ટેકાથી સુધારા-૧ ના મુદ્દા નં.(૭) રજૂ કરે છે કે;

અમો નીચે સહી કરનાર આ તબકકે સદર બજેટમાં સુધારો આપી જણાવીએ છીએ કે, હાલના બજેટના ખર્ચ વિભાગના પાન નં. ૪ ઉપર રસ્તા મરામતનું હેડ આપેલ છે. જેમાં હાલના રજુ થયેલ બજેટમાં રસ્તા મરામત સને : ૨૦૨૧ -૨૨ ના અંદાજપત્રમાં બતાવવામાં આવેલ નથી અને વધારે નવાઇ એ છે કે સને : ૨૦૨૧ થી તારીખ : ૩૧.૩.૨૦૨૧ સુધીમાં પણ બતાવવામાં આવેલ નથી. અને ખરેખર ફીઝીકલી રસ્તાઓનું મરામત સને : ૨૦૨૦ -૨૦૨૧ માં થયેલ છે અને આ બાબતની રકમ કઇ ગ્રાન્ટમાંથી વપરાયેલ છે. તેવું કોઇ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પણ જગ્યાએ દર્શાવેલ નથી. જેથી પણ બજેટમાં આવી ઊણપો હોવાથી બજેટ મંજુર થઇ શકે નહી, જેથી પણ આ તબકકે હાલનું રજુ થયેલ બજેટ ના મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા તથા શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા નાં ટેકાથી સુધારા-૧ ના મુદ્દા નં.(૮) રજૂ કરે છે કે;

અમો નીચે સહી કરનાર આ તબકકે સદર રજુ થયેલ બજેટ ઉપરની સામૂહિક ક્ષતિઓ હોવાથી સદરહું બજેટ હાલના તબકકે મંજુર થઇ શકે તેમ ન હોવાથી સદરહું બજેટ ના મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા, શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજીના ટેકાથી સુધારો-૨ રજૂ કરે છે કે;

આજ તા.30/03/2021 ની સામાન્ય સભા સમય બપોરે 3-00 કલાકેના કાર્યસુચિની કામનં. 2 મા અમો નીચે સહી કરનાર પેટલાદ નગરપાલિકાના સભ્યો આ સુધારા રજુ કરીએ છીએ કે..

(1) આજની સામાન્ય સભાના કાર્યકર્તાનં. 2 મા પેટલાદ નગરપાલિકાના અંદાજીત આવક જાવકના રજુ કરેલા છે. જેમા પેટલાદ શહેરના નાગરિકોની અપેક્ષાઓના પ્રતિબિંબ દર્શાવતો નથી.

(2) પેટલાદ નગર પાલિકામા આવક જાવક દર્શાવવા હેડ પાડવામા આવેલ છે. તે એકબીજાને સુરક્ષીત નથી. સામાન્ય નાગરીકોને ન સમજાય તેવા આંકડા રજુ કરેલા છે.

(3) સને 2020-21 અને 2021-22 ના સમયમા પેટલાદ શહેર આણંદ જીલ્લા ગુજરાત રાજય અને સમગ્ર દેશના "કોરોના" બિમારીનુ પ્રમાણ ખુબ વધી ગયુ છે. તેમા આપણુ પેટલાદ શહેર બાકાત નથી. હાલમા શહેરના વિવિધ વિસ્તારોમા વ્યાય વધી ગયેલ છે. અને જનતામા દહેશત ફેલાઇ ગયેલ છે. સરકારશ્રી તરફથી કોરોનાની ગ્રાન્ટ રૂા. 15,00,000/- આવેલ છે. સને 20 થી 20 માં તા. 01/04/20 થી તા. 31/12/20 સુધીમાં ખરેખર આવકમાં દર્શાવેલી છે. કોરોના ખર્ચ વિભાગમા 2019-20 નો ખરેખર ખર્ચ રૂા. 13,78,985/- કોરોનાની આવક અને ખર્ચ વિચારીએ તો રૂા. 1,20,000/- બચત થયેલ છે. તે સિલકમાં બતાવવું જરૂરી છે. વિસ્તારમાં કોરોનાની ગ્રાન્ટમાંથી જે ખર્ચ કર્યો તે કોરોનાના કામ તત્વો જેવાકે માસ્કની ખરીદી વેકસીનની વિગેરે તે દર્શાવેલ નથી. અને કચરો ઉઠાવવાનો ખર્ચ રૂા. 1 કરોડ 2 લાખ 3600/- ખર્ચ ખોટો થયો છે. કેમકે શહેરમા કચરાના ઢગલા મોટા પ્રમાણમાં છે. સફાઇની જે કામગીરી છેવાડાના વિસ્તારમાં જણાતી નથી.

(4) જી.એસ.ટી. નોટબંધી જેવા કાયદાઓ તેમજ મહા મારીમા લાકડા ઉનની સ્થિતિમાં વેપારીઓના વેપાર ધંધા સપાટીપર આવતા નથી. લોકોની આવકો ઘટી ગઇ છે. પેટ્રોલ ડીઝલ તથા ખાદ્ય વસ્તુઓમા ભાવ વધારાને કારણે મોંઘવારી ચરમસીમાએ છે. શિક્ષણકાર્ય ઠપ છે. આવા સંજોગોમાં શહેરનો બજેટ રજુ કરતી બીલને આ તમામ પાસાઓને ધ્યાને લેવા જરૂરી થઇ પડે છે. જેની તરફ બજેટમાં ધ્યાન આપવામાં આવેલ નથી.

(અ) આવા સંજોગોમાં અમારૂ સુચન છે કે પેટલાદ શહેરના નાગરીકો જે હલકા પડી રહે છે. અને આવકોનો પ્રમાણ ઘટી રહ્યો છે. તેમની પડાવે ઉભા રહેવા માટે પેટલાદ શહેરના તમામ મિલ્કત ધારકો (કરદાતા) ના એકત્રીકરમા 25% ની માફી આપી મિલ્કત ધારકોને રાહત આપવી જરૂરી છે. જેની તરફ બજેટમાં ધ્યાન આપવામાં આવેલ નથી.

(બ) પેટલાદ નગર પાલિકા સંચાલીત એન.કે. હાઇસ્કૂલમાં શિક્ષણ કાર્ય ચાલે છે. જેનુ આયોજન પેટલાદ નગર પલિકા તરફથી થાય છે. એન કે હાઇસ્કૂલ પેટલાદમા જે વિદ્યાર્થી ભણવા આવે છે. તેમની પાસેથી ફી વસુલવામા આવે છે. જે શહેર અને દેશના સંજોગો એવા હોય કે લોકોની આવકો ઘટી ગઇ હોય ધંધો બંધ હાલતમાં હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓને સને 2019-20 અને 2020-21 તથા 2021-22 સુધી ફી ભરવામા માફી આપવી જોઇએ. જેની કોઇ જોગવાઇઓ બજેટમાં કરવામાં આવેલી નથી. જેથી જોગાવઇ કરવી જોઇએ.

(ક) પેટલાદ શહેરના નાગરીકોએ નગર પાલિકાના કોમર્શીયલ સેન્ટરોમાં દુકાનો લગભગ 600 દુકાનો ભાડે રાખેલ છે. પરંતુ કોરોના મહામારીના કારણે અને લોક ડાઉન થવાથી લોકોના ધંધા ઠપ છે. આવકો ઘટી ગઇ છે. દુકાનોનો ખર્ચ વધી ગયેલ હોઇ આવા સંજોગોમાં પેટલાદનગર પાલિકાના સોપીગ સેન્ટરોમાં દુકાન ધારકોને રાહત આપવા માટે દુકાનોનું ભાડુ તથા ટેક્ષ મર્યાદીત સમય માટે માફ કરવાની જોગાવાઇ બજેટમા કરવી જોઇએ જેની તરફ બજેટમાં ધ્યાન આપવામાં આવેલ નથી.

(ડ) પેટલાદ શહેરની પ્રગતીને આગળ ઠપાવવા શરેર રઢીયામણું બને તેવુ આયોજન બજેટમાં કરવામાં આવેલ નથી. શહેરની ગટર વ્યવસ્થા 40 વર્ષે પણ ઠપ છે. શહેરનું ગંદુ ગટરનું પાણી મલાવ તળાવમાં જાય છે. જેનાથી રોગચાળો ફેલાવવાની પુરેપુરી શકયતા છે. તેમછતા ગટર યોજનાનું કામ યુધ્ધના ધોરણે નિર્ણય લાવવાની બજેટમાં વ્યવસ્થા કરવામાં આવેલી નથી.

(ચ) પેટલાદ શહેરમાં ગોળવાડા ખાનદાનથી ટાઉનહોલ બનાવવામા આવેલ હતુ તે પેટલાદ શહેરની સોભામાં વધારો કરતુ હતુ. આજે સદર ટાઉનહોલ દિર્દદ્રસ્ટીના આયોજન વગર જમીન દોષ છે. ઉપરાંત ટાઉન હોલનું જે ભંગાર હતુ તે વેચીને જે તે કોન્ટ્રાકટર લઇ ગયેલ છે. જેના રૂપિયા 15 લાખ ઉપજયા હતા તેમછતા બજેટમાં

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આવક તરીકે દર્શાવેલા નથી. વધુમાં સમાચાર પત્રોના માધ્યમથી જાણવા મળેલ છે. કે સરકાર તરફથી સદર પ્રવુતિ ઓડીટમાં આવતા તત્કાલિક ચીફ ઓફીસરને સરકારે ફરજ મુકત કર્યા છે. જેમાં વહીવટી તંત્રની આવડતની કસર અને શહેર તરફથી ષ્ઠિાનું અભાવ જણાઇ આવે છે. તેમજ સદર ભંગારના કોન્ટ્રાકટર સામે કોઇ પગલા લેવામા આવેલા નથી.

(છ) ટાઉનહોલ સને 2020-21 ના અંદાજ પત્રમા રૂ 2.50 કરોડ ખર્ચ વિભાગમાં દર્શાવેલ છે. જયારે સને 2021-22 ના અંદાજ પત્રમા 4 કરોડ રૂપિયા દર્શાવેલા છે. જયારે રૂપિયા 2.50 કરોડના ખર્ચના આંકડા દર્શાવેલ નથી જેમકે કોન્ટ્રાકટરને પેયમેન્ટ કર્યુ હોય, મટીરીયલ ખર્ચ, જેના ખર્ચા દર્શાવેલા નથી.

(જ) આગવી ઓળખ ગ્રાન્ટ જે હેડ પકડવામાં આવેલ છે. તેમા સને 2020-21 ના અસલ અંદાજ પત્રમાં આવક વિભાગમા રૂપિયા 2 કરોડ દર્શાવવામા તેમજ 2021-22 ના અંદાજ પત્રમા 4 કરોડ રૂપિયા દર્શાવેલ છે. કુલ્લે 6 કરોડ રૂપિયા દર્શાવ્યા છે. આગવી ઓળખ ગ્રાન્ટમાં એક એવી આગવી ઓળખ કરવાની છે. જે અંદાજ પત્રમા દર્શાવેલ નથી.

યુ.ડી.પી 56 ની ગ્રાન્ટ રૂ. 1 કરોડ 75 લાખ જે સને 2020-21 અસલ અંદાજપત્રમા દર્શાવેલ છે. રોડ રી સર્ફેસીગ ગ્રાન્ટ 2 કરોડ 86 લાખ,

યુ.ડી.પી 88 ની ગ્રાન્ટ રૂપિયા 2 કરોડ 37 લાખ 54,605/- જે ગ્રાન્ટનો ખર્ચ કરેલ છે. જે ખર્ચ યોગ્ય રીતે થયેલ નથી. ટેન્ડર પ્રમાણે કામગીરી થયેલી નથી.

(5) ઉપરોકત તમામ કારણોને લઇને આજની સામાન્ય સભામાં રજુ થયેલ વર્ષ 2021-22 નો બજેટ ચીલાચાલુ પરંપરાગત હકીકતતોથી સભર જણાય છે. તેથી અમો નીચે સહીઓ કરનાર કાઉન્સીલરો બજેટને રદ બાતલ કરવા ઠરાવવામાં આવે છે.

ઉપર જણાવ્યા અનુસાર રજુ કરવામાં આવેલ દરખાસ્ત તથા સુધારા પરત્વે જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા-વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે. સૌપ્રથમ રજૂ થયેલ સુધારા-૧ પરત્વે મતદાન લેતાં,

| સુધારા-૧ ની તરફેણમાં | સુધારા-૧ ની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રી અસ્લમબેગ એ. મીરઝા | ૧. શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | નથી |
| ૨. શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ૨. શ્રી ગોવિંદભાઇ આર. તળપદા | |
| ૩. શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ૩. શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ | |
| ૪. શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા. | ૪. શ્રી નિલેશભાઇ એસ. વાલ્મીક | |
| ૫. શ્રીમતિ નિરલબેન પી. તળપદા | ૫. શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | |
| ૬. શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ | ૬. શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ | |
| ૭. શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી | ૭. શ્રી પ્રવિણભાઇ કે. પરમાર | |
| ૮. શ્રીમતિ રૂકસાર એ. મીરઝા | ૮. શ્રી રમેશભાઇ આર. પરમાર | |
| ૯. શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી | ૯. શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | |
| ૧૦. શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા | ૧૦. શ્રી ભાવિન એમ. પટેલ | |
| ૧૧. શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા | ૧૧. શ્રી જય બી. પટેલ | |
| ૧૨. શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ કાજી | ૧૨. શ્રી કેતનકુમાર સી. ગાંધી | |
| કુલ : ૧૨ (બાર) મત | ૧૩. શ્રી જીજ્ઞેશકુમાર એ. જોશી | |
| | ૧૪. શ્રીમતિ કાજલ કે. પટેલ | |
| | ૧૫. શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | |
| | ૧૬. શ્રી સુનિલકુમાર એસ. પટેલ | |
| | ૧૭. શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | |
| | ૧૮. શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ | |
| | ૧૯. શ્રીમતિ વિશાલબેન એસ. સોની | |
| | ૨૦. શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા | |
| | ૨૧. શ્રી ભાવેશભાઇ કે. તળપદા | |
| | કુલ : ૨૧ (એકવીસ) મત | |

ત્યારબાદ રજૂ થયેલ સુધારા-૨ ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| સુધારા-૨ ની તરફેણમાં | સુધારા-૨ ની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રી અસ્લમબેગ એ. મીરઝા | ૧. શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | ૧. શ્રીમતિ દિપાલીબેન |

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

૨. શ્રી રીફાકતખાન એમ. પઠાણ
૩. શ્રીમતિ નિરલબેન પી. તળપદા
૪. શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ
૫. શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી
૬. શ્રીમતિ રૂકસાર એ. મીરઝા
૭. શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી
૮. શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા
૯. શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા
૧૦. શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ કાજી

કુલ : ૧૦ (દસ) મત

૨. શ્રી ગોવિંદભાઇ આર. તળપદા
૩. શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ
૪. શ્રી નિલેશભાઇ એસ. વાલ્મીક
૫. શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ
૬. શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ
૭. શ્રી પ્રવિણભાઇ કે. પરમાર
૮. શ્રી રમેશભાઇ આર. પરમાર
૯. શ્રીમતિ ગીતાબેન જે. પરમાર
૧૦. શ્રી ભાવિન એમ. પટેલ
૧૧. શ્રી જય બી. પટેલ
૧૨. શ્રી કેતનકુમાર સી. ગાંધી
૧૩. શ્રી જીજ્ઞેશકુમાર એ. જોશી
૧૪. શ્રીમતિ કાજલ કે. પટેલ
૧૫. શ્રીમતિ ધરતીબેન જે. પટેલ
૧૬. શ્રી સુનિલકુમાર એસ. પટેલ
૧૭. શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ
૧૮. શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ
૧૯. શ્રીમતિ વિશાલબેન એસ. સોની
૨૦. શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા
૨૧. શ્રી ભાવેશભાઇ કે. તળપદા

કુલ : ૨૧ (એકવીસ) મત

એચ. શાહ
૨. શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા.

કુલ : ૦૨ (બે) મત

ત્યારબાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

**દરખાસ્તની તરફેણમાં**

૧. શ્રીમતિ ગીતાબેન એ. પટેલ
૨. શ્રી ગોવિંદભાઇ આર. તળપદા
૩. શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ
૪. શ્રી નિલેશભાઇ એસ. વાલ્મીક
૫. શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ
૬. શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ
૭. શ્રી પ્રવિણભાઇ કે. પરમાર
૮. શ્રી રમેશભાઇ આર. પરમાર
૯. શ્રીમતિ ગીતાબેન જે. પરમાર
૧૦. શ્રી ભાવિન એમ. પટેલ
૧૧. શ્રી જય બી. પટેલ
૧૨. શ્રી કેતનકુમાર સી. ગાંધી
૧૩. શ્રી જીજ્ઞેશકુમાર એ. જોશી
૧૪. શ્રીમતિ કાજલ કે. પટેલ
૧૫. શ્રીમતિ ધરતીબેન જે. પટેલ
૧૬. શ્રી સુનિલકુમાર એસ. પટેલ
૧૭. શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ
૧૮. શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ
૧૯. શ્રીમતિ વિશાલબેન એસ. સોની
૨૦. શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા
૨૧. શ્રી ભાવેશભાઇ કે. તળપદા

કુલ : ૨૧ (એકવીસ) મત

**દરખાસ્તની વિરુધ્ધમાં**

૧. શ્રી અસ્લમબેગ એ. મીરઝા
૨. શ્રી રીફાકતખાન એમ. પઠાણ
૩. શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ
૪. શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા.
૫. શ્રીમતિ નિરલબેન પી. તળપદા
૬. શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ
૭. શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી
૮. શ્રીમતિ રૂકસાર એ. મીરઝા
૯. શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી
૧૦. શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા
૧૧. શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા
૧૨. શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ કાજી

કુલ : ૧૨ (બાર) મત

**તટસ્થ**

નથી

આમ, રજૂ થયેલ મૂળ દરખાસ્ત તથા સુધારા-૧ અને સુધારા-૨ ઉપર થયેલ મતદાન જોતાં મૂળ દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલાં છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ.પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ.કામ નં. (૧)** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ જલ્પાબેન બી. શાહ, શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રીમતિ નીદાબાનુ વી. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૫ / તા.૩૦/૦૩/૨૧**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે, મ્યુનિ. સભ્ય શ્રીમતિ જલ્પાબેન બી. શાહ, શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રીમતિ નીદાબાનુ વી. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ.પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ.પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.